
# ગરમીમાં મોંઘા આઈસક્રીમ અને કેન્ડી સામે બરફ અને ગુલ્ફીનો ગરીબોને આશરો

## સસ્તી અને સારી મનાતી ગુલ્ફીની શ્રમીક વસાહતોમાં બોલબાલા, બાળકો આનંદવિભોર

ગાંધીનગર, તા.૧૯

ઉનાળાએ પોતાનો પરચો બતાવવાનો શરૂ કર્યો છે જેમાં શ્રીમંતો અને મધ્યમવર્ગ પોતપોતાની રીતે ઠંડક મેળવી હાશકારો અનુભવે છે. જયારે ગરીબ અને શ્રમજીવી વસાહતોમાં ગરમીથી બચવા બરફ અને ગુલ્ફીનો સૌથી વધુ ઉપયોગ કરી રહ્યા છે. પોષાય તેવી અને સારી ગુલ્ફીની માંગ આ વસાહતોમાં ખુબ જ રહે છે અને તેમના બાળકો ગુલ્ફીની ચુસ્કી લઈ આનંદવિભોર બની જાય છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

અતિશય ગરમી અને આકરા તાપ વચ્ચે મહેનત કરી દિવસભરના બે ટંક રોટલા કમાઈ લેતા શ્રમજીવીઓ માટે ઉનાળો આકરો બન્યો છે. પંરતુ પોતાની સ્થિતિને સ્વીકારી આનંદમાં રહેવાની કળાએ તેઓ રસ્તા પણ શોધી લે છે. લારીમાં મળતી અનેક વિવિધ ગુલ્ફીની મજા માણી મોંઘા આઈસ્કીમ અને કેન્ડીને તેઓ ભુલાવી દે છે.

શ્રીમંત પરિવારો કે મધ્યમ પરિવારો આઈસ્કીમ પાર્લરમાં જઈ મોંઘા આઈસ્કીમ, કેન્ડી કે લસ્સીની જયાફત ઉડાવતા હોય છે અને ગરમીમાં શરીરને ઠંડક મેળવવા પ્રયત્નશીલ બને છે ત્યારે ગરીબો અને શ્રમજીવી પરિવારો ટોકરી ખખડાવતી આઈસ્કમની લારી જોઈ આનંદમાં ઉછળી પડે છે અને અનેક વિવિધ સ્વાદમાં મળતી ગુલ્ફીની મોજ માણી ગરમીમાં રાહત મેળવે છે.

ફ્રીજના ઠંડા પાણી જમતી વખતે ફરજીયાત જોઈએ તેવું વલણ શ્રીમંત અને મધ્યમવર્ગમાં જોવા મળે છે ત્યારે બજારમાં મળતો છુટો બરફ લાવી માટલા કે તપેલામાં ઠંડુ પાણી બનાવી ગરીબ અને શ્રમજીવી પરિવાર ગરમીમાં પોતાની તરસ છીપાવે છે. આમ ગરીબ અને શ્રમજીવી પરિવાર પોતાની શકિત અને સ્થિતિ મુજબ ગમે તે મોસમમાં અનુકુળ બની જતાં હોય છે.

# ગાંધીનગરના અડાલજમાં બોગસ સિકયુરીટી એજન્સી પકડાઈ

## જિલ્લા એસ.ઓ.જી. ટીમે આર.વર્લ્ડ સિનેમા ખાતે ચેકીંગ હાથ ધર્યુ હતું : સિકયુરીટી કંપની પાસે ગુજરાતનો પરવાનો ન હતો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક અડાલજ ખાતે આવેલ આર વર્લ્ડ બીગ સિનેમા ખાતે લાયન્સ વગર બિન્દાસ પણે ખાનગી સિક્યુરીટી એજન્સી પર ગાંધીનગર એસ.ઓ.જી. ટીમે તવાઈ બોલાવી હતી.

જેમાં આખે આખી ખાનગી કંપની જ ફરજી હોવાનું ખુલતા એસ.ઓ.જી. ટીમે કંપનીના સુપરવાઈઝર સામે અડાલજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરના અડાલજ પાસે આર. વર્લ્ડ બિગ સિનેમા આવેલ છે. જયાં સુરક્ષા માટે મુંબઈની એકોર્ડ સિક્યુરીટી એન્ડ એલાઈટ સર્વિસ પ્રા. લિ. કંપનીને કામ આપવામાં આવ્યું હતું. જેમાં દરરોજ અલગ અલગ શિફ્ટમાં આઠ ગાર્ડ સહિત સુપરવાઈઝર મળી કુલ ૯ વ્યકિતઓ નોકરી કરતા હતા.

દરમિયાન ગાંધીનગરના એસ.ઓ.જી. ના પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સૂચનાથી તેમની ટીમે ચૂંટણીને લઈ સુરક્ષાના મામલે શહેરના અનેક વિસ્તારોમાં અચાનક ચેકિંગ હાથ ધર્યુ હતું. ટીમે અડાલજમાં આવેલ આર વર્લ્ડ બીગ સિનેમા ખાતે પણ સિક્યુરીટી કંપનીમાં પણ તપાસ હાથ ધરી હતી.

જેમાં આ મુંબઈની ખાનગી કંપની પાસે ગુજરાત રાજયનો કોઈ પરવાનો ન હોવાનું માલુમ પડતા એસ.ઓ.જી. ટીમ ચોંકી ઉઠી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં આ કંપની બોગસ સાબિત થઈ હતી. આખી ટીમે કંપનીના સંચાલક બિપીન ભારદ્વાજ વિરુધ્ધ પ્રાઈવેટ સિકયુરીટી નિયંત્રણ ધારા ૨૦/૧ મુજબ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી આથી અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૭/ડીમાં આજે આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩/સીનો આનંદનો ગરબો. પ્લોટ નં. ૨૧૦/૧, ચ-૧, સેકટર-૭/ડી ઈન્કવાયરી બાજુમાં મધુબેન બાબુલાલ પરમારના ત્યાં તા. ૨૦મી એપ્રિલ રવિવારે બપોરે ૨.૦૦ કલાકે યોજાશે.

## મંગળવારે આનંદનો ગરબો સે-૩/સીમાં યોજાશે

મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩/સી તરફથી આનંદનો ગરબો. નીલાબેન ડી. પરમાર પ્લોટ નં. ૪૯૯/૧, સેકટર-૩/સી ખાતે તા. ૨૨ એપ્રિલના રોજ બપોરે ૨.૩૦ કલાકે યોજાશે. પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## જીવ કલ્યાણ સંસ્થા નવા સભ્યોની નોંધણી કરશે

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની સામાન્ય સભા રવિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને આજ રોજ રવિવારે સાંજે ૫-૦૦ કલાકે સેકટર-૨૨ના પંચદેવ મંદિર યજ્ઞ સભા ખંડમાં મળશે. સભામાં સંસ્થાના હિસાબો, નવી પ્રવૃત્તિની રણનીતિ અને નવા સભ્યોની નોંધણી કરવામાં આવશે. સભામાં સંસ્થાના સભ્યો અને જીવદયા પ્રવૃત્તિમાં રસ ધરાવતા નગરજનોને હાજર રહેવા આર.પી. વ્યાસે જણાવ્યું છે.

# અડાલજની માણેકબા પીટીસી કોલેજમાં બીજા વર્ષની વિદ્યાર્થીનીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

જિલ્લાના અડાલજમાં આવેલ શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરમાં પીટીસીની બીજા વર્ષની પ્રશિક્ષણાર્થી વિદ્યાર્થીનીઓનો દિક્ષાંત સમારોહ ગુજરાત રાજય પરીક્ષા બોર્ડના ઈ.પી. દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમજ સંસ્થાના વાર્ષિક અહેવાલનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર પાસેના અડાલજ ખાતે માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર પીટીસી કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓનો દિક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અધ્યક્ષ પદે ઈ.પી. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીનીઓને જણાવ્યું હતું કે પ્રશિક્ષણાર્થી બહેનોએ હાર્ડ વર્ક ઓછું અને સ્માર્ટ વર્ક વધુ કરવું જોઈએ અને સ્માર્ટ વર્ક દ્વારા જ આપણે બીજાઓથી અલગ દેખાઈએ છીએ.

સાહિત્યકાર ડૉ. કેશુભાઈ પટેલે શિક્ષક માતૃત્વથી સભર હોય છે. શિક્ષક હંમેશા કરુણાવાન, માયાળુ અને મમતાવાળા સ્વભાવવાળો હોવો જોઈએ અને 'શિક્ષક કભી સાધારણ નહિ હોતે' તે ચાણકયનું વાકય યાદ કર્યુ હતું. વિદ્યાર્થીઓને હંમેશા ડરથી નહિ પણ સમજાવીને અભ્યાસ કરાવવો જોઈએ.

આ પ્રસંગે કોલેજમાં કલાત્મક શૈક્ષણિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં વર્ષ દરમિયાન વિદ્યાર્થીનીઓ દ્વારા સાહિત્યના સર્જન સમું વિવિધ તહેવારો, બાળગીતો, વાનગીઓ, જાણવા જેવું, બાળ વાર્તાઓ, સહિત પાંચ અંકોનું અને સંસ્થાના વાર્ષિક અહેવાલનું મુખ્ય મહેમાનોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને પૂજય મોરારી બાપુ લિખિત અને ભદ્રાયુ વછરાજાની સાચો શિક્ષક ધર્મ પુસ્તક અને પરીક્ષામાં સફળતા મળે તે માટેની કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે છોટુભાઈ પટેલ, આચાર્યા સુરેખાબેન ચૌધરી, સંસ્થાના ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મુકેશ વૈદ્ય અને જાગૃતિ મોદીએ આભાર વ્યકત કર્યો હતો.



સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા યુવા વણકર સમાજના આગેવાન અને રાષ્ટ્રીય હિત રક્ષક દળના સંયોજક હસમુખભાઈ સકસેનાના પ્રયત્નોથી સમાજ વ્યસન મુક્તિના પંથે બાબા સાહેબના માર્ગદર્શન વિચારોને અનુસરી શિક્ષિત અને સંગઠીત બને તેવા ઉદ્દેશથી ગાંધીનગર ખાતે ૧૪-૪-૨૦૧૪ના રોજ બંધારણના ઘડવૈયા અને યુગપુરુષ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૩ મી જયંતિ નિમિત્તે વિશાળ વાહન રેલીનું આયોજન કરવામાં આવેલ. જયાં ૧૦૦-૨૦૦ ઉપરાંતની સંખ્યામાં બાઈક-કાર-ટેમ્પાઓમાં સંગીતમય ભીમગીતો અને બૃહદ વંદના સાથે મોટી સંખ્યામાં દલિત મિત્રો જોડાયા હતા. આ વાહન રેલી વહેલી સવારે ૮ વાગ્યે ગાંધીનગર ઈન્ફોસીટી ઘ-૦ સર્કલથી નીકળી પથિકાશ્રમ અને ઘ-૬ સર્કલથી ચ-૬ થઈ લગભગ ૧૦ વાગ્યે સચિવાલય સામે આવેલ આંબેડકર પાર્ક સુધી પહોંચેલી. જ્યાં બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર સાથે વંદન કરી તેઓના અમુલ્ય યોગદાન અને સામાજીક ક્રાંતિકારીના ભગીરથ બલિદાનને લાગણીસભર યાદ કરવામાં આવેલ. આ પ્રસંગે ગાંધીનગર અને આસપાસથી દલિતો સહકુટુંબ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકર ક્રિકેટ કપ ૨૦૧૪ની આયોજક ટીમ અને તુરી-બારોટ સમાજના સામાજિક કર્મશીલ શ્રી શૈલેષભાઈ જાદવ અને શ્રી વિશાલભાઈ જાદવના કુટુંબીજનો દ્વારા આજના પવિત્ર દિવસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને બિસ્કિટની વહેંચણી કરવામાં આવેલ.

## સ્વ. પ્રેમશંકર ભટ્ટને બ્રિજેશ મેરજાની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વહીવટી વિકાસમાં અનેક સપૂતોની સૌરાષ્ટ્રે ભેટ ધરી છે. તે પૈકીના સુદઢ વહીવટકર્તા પ્રેમશંકર ભટ્ટે એક સનદી વહીવટીકર્તા તરીકે પારદર્શક પ્રજાલક્ષી અને પ્રમાણિક અને પ્રભાવક શાસક તરીકે યોગદાન આપીને ગુર્જરગીરાની મૃત્યુપર્યંત સેવા કરીને જીવન ધન્ય બનાવ્યું છે.

મોરબી જિલ્લા કોંગ્રેસની પ્રમુખ બ્રિજેશ મેરજીએ અંજલિ અર્પતા ઉમેર્યું છે કે ૧૯૮૫ના દુષ્કાળ વખતે સૌરાષ્ટ્રની પાણીની મુશ્કેલીમાંથી પ્રજાને ઉગારવા તેમને નક્કર આયોજન કરેલું હતું.

જે હજુય સૌરાષ્ટ્રવાસીઓ ભૂલ્યા નથી નિવૃત્તિ બાદ અલીયાબાડાની ગંગાજલ વિદ્યાપીઠને પણ તેમને માર્ગદર્શન આપી શૈક્ષણિક વિરાસતને મદદ કર્તા હતા. પાટનગરમાં સ્થાનિક સ્વરાજની સંસ્થા સ્થપાય એ માટેની કાનૂની લડત ગાંધીનગર માટે એક ઈતિહાસ બની ગયો છે.

# સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા વૈદિક પરિવાર સ્નેહ મિલન સમારોહ ઉત્સાહભેર સંપન્ન

ગાંધીનગર, તા. ૧૯

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા બલરામ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે વૈદિક પરિવાર સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. ચૈત્રી સુદ એકમ સૃષ્ટિ સંવત ૧,૯૬,૦૮,૫૩,૧૧૫ ના નવા વર્ષમાં પ્રવેશ નિમિત્તે યજાયેલા આ સમારોહમાં વૈદિક પરિવારો ઉપરાંત ધાર્મિક તેમજ સેવાકીય સંસ્થાના પ્રતિનિધિઓ, ઉચ્ચ સરકારી પદાધિકારીઓ, આર્યસમાજના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્નેહ મિલન સમારોહના મુખ્ય અતિથિ તરીકે વર્તમાનમાં માહિતી કમિશ્નર તથા નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી વી.એસ.ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સામાજિક ચેતના પ્રગટાવનાર ગુજરાત પ્રાન્તની ત્રણ વિભૂતિઓ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહર્ષિ દયાનંદ સરસ્વતીની વાત કરી તેમના પ્રભાવક કાર્યોનો પ્રચાર કરવા આગળ આવવા અનુરોધ કર્યો હતો. જ્યારે જીવનમાં કોઈ વિકટ પરસ્થિતિ ઉભી થાય, હતાશા-નિરાશાનો ભાવ આવે ત્યારે સિંહસમાન ઓજસ્વી વીરપુરુષ મહર્ષિ દયાનંદનું સ્મરણ કરવા તેમણે જણાવ્યું હતું.નાત-જાતપ્રથા, બાળવિવાહ, સતીપ્રથા, જડ





કર્મકાંડ, દોરા-ધાગા, મંત્ર-જંત્ર, ફલિત જયોતિષ વગેરેનો વિરોધ કરી સ્ત્રીશિક્ષા, નવી ગુરુકુળ પ્રથા, શુદ્ધિકરણ, વેદનું પઠનપાઠન કરાવનાર મહર્ષિજીના કેટલાક જીવનપ્રસંગો રજૂ કરી તેમનું જીવનચરિત્ર રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કર્યુ હતું. તેમણે કહ્યું કે મહર્ષિ દયાનંદે આટલા બધા સમાજ જાગૃતિનાં કામ ન કર્યા હોય અને એક માત્ર સત્યાર્થ પ્રકાશ ગ્રંથ લખ્યો હોત તો પણ સમાજ તેને હજારો વર્ષો સુધી યાદ કરત. તેમણે સત્યાર્થ પ્રકાશ ગ્રન્થ ઉપર પ્રકાશ પાડી સૌને તેનું અધ્યયન કરવા પ્રેરણા આપી હતી.

વૈદિક પ્રવકતા શ્રદ્ધેય શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ પોતાના પ્રેરક વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે મનુષ્યએ વ્યકિતપૂજક નહિ પણ તત્વપૂજક, સત્યપૂજક બનવું જોઈએ. મહર્ષિ દયાનંદ સરસ્વતી સત્યપૂજક હતા. અજ્ઞાનરુપી અંધકારનું છેદન-ભેદન કરી સત્યનો પ્રકાશ આ ધરતી પર રેલાવનાર મહર્ષિ દયાનંદે વેદોને ઈશ્વરોક્ત ઘોષિત કરી વેદો તરફ સમાજને પાછો વાળવા ખૂબ પૂરૂષાર્થ કર્યો. આધ્યાત્મિક ચેતનાનો આંદોલિત કરનાર ગુજરાતના આ સપૂતનો જીવનમંત્ર જ વેદ અને સત્ય હતો. મહર્ષિ દયાનંદે જ સૌ પ્રથમ ઘોષણા કરી હતી કે ઈશ્વર ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિ અલગ અલગ નથી.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના ટૂંકા વ્યાખ્યાનમાં કહ્યું હતું કે શ્રી પાંડેયજી જેવા વિદ્વાનનો લાભ ગાંધીનગરની સામાન્ય જનતાને મળે તે માટે તેમના વ્યાખ્યાનો પારિવારીકની સાથે જાહેર સ્થળોએ રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ઈશ્વરની પૂજા બે પ્રકારે થાય છે. સવારે અને સાંજે સંધ્યા, હવન કરવું એ પૂજાનો એક ભાગ છે જ્યારે વ્યવહારમાં ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું એ પૂજાનો બીજો ભાગ હોવાનું જણાવી બંને કાર્યો કરવા ઉપર તેમણે ભાર મુક્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં સ્વાગત પ્રવચન શ્રી બળદેવભાઈ પટેલે કર્યુ હતું જ્યારે અંતમાં આભારવિધિ શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ કરી હતી. મંચનું સંચાલન શ્રી મનોજભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લક્ષ્મણભાઈ આર્ય, શ્રી ગમનભાઈ પટેલ, ડૉ. ચંદુભાઈ અંબવાણી, શ્રી મનોજભાઈ પુરાણી, શ્રી સુરજ ત્રિપાઠી સહિત અનેક કાર્યકરોએ પ્રસંશનીય કામગીરી કરી હતી. શ્રેષ્ઠી મહાનુભાવોમાં શ્રી મયુરભાઈ શાહ, શ્રી અજમલભાઈ આર્ય, શ્રી લક્ષ્મણભાઈ પારસિયા સહિત અનેક મહાનુભાવોએ સહયોગ પ્રદાન કરી કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦,૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૩ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૩.૦૦, ૫.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૭.૦૦
: સ્કીન-૪ :
મે તેરા હીરો : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
લકી કબુતર : ૪.૪૫ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૬ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦ ● મે તેરા હીરો : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૬.૩૦
લકી કલૂતર : ૪.૪૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :
મે તેરા હીરો : ૯.૧૫, ૩.૦૦, ૧૦.૪૫
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૧૨.૦૦, ૩.૦૦
૩ડી રીયો (હિન્દી) : ૫.૪૫
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦
: સ્કીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
દેખ તમાશા દેખ : ૧.૦૦
: સ્કીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્કીન-૪ :
૨ સ્ટેટસ્ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્કીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
૨ સ્ટેટસ્ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ભતૂનાથ રિટર્ન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
મે તેરા હીરો : ૧.૧૫, ૭.૧૫
: સ્કીન-૩ :
પોલીસ સ્ટોરી-૬ : ૧૦.૦૦, ૩.૦૦, ૧૦.૧૫
લકી કબુતર : ૧૨.૩૦, ૫.૩૦,
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા (કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવુંપડશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

**વૃષભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે.

**મિથુન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

**કર્ક** : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. મિત્રોનો સહયોગ મળશે.

**સિંહ** : વ્યાપારક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

**કન્યા** : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

**તુલા** : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

**ધન** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.જીવનસાથીથી આર્થિક વિષયે વિવાદ થશે.

**કુંભ** : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

**મીન** : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

## ચિરવિદાય

- સ્વ. ગંગાબેન મહાદેવભાઈ દેસાઈ (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૨૫૦, સેકટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. જયરામભાઈ ડાહ્યાભાઈ ખાવડીયા (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૨૧૭/૨, સેકટર-૧૪, ગાંધીનગર.